જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૨/૨૦૨૨  શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૯૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૫ | ૩,૧૧,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૮ કેસ કરી, ૧૦૦ વ્યક્તિઓને ઝડપી, ૨૪૧ લીટર દેશી દારૂ, ૩૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૨૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૨૩ બીયરટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૧/૨૦૨૨**

**નરોડાઃ** નારાયણલાલ જીવાજી તૈલી (ઉ.વ.૫૨)(રહે.પુજન બંગ્લોઝ, એસ.બી.ફાર્મની બાજુમાં નાના ચિલોડા નરોડા)એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નરોડા નાનાચિલોડા ખાતે આવેલ એસ.બી. ફાર્મ પાસે નારાયણલાલ ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી નારાયણલાલ ના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૮૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**નજર ચુકવી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૨/૨૦૨૨**

**ગુજરાત યુનિવર્સીટીઃ** દિનેશકુમાર રામઅચલ ચૌહાણ (ઉ.વ.૪૨)(રહે.આશ્રય-૧૦, ન્યુ રાણીપ, ખોડીયાર માતાના મંદીરની બાજુમાં, રાણીપ) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૨/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે આઇ.આઇ.એમ. ના ગેટ પાસે રોડ ઉપર બે મોટર સાયકલ ઉપર આવેલ ચાર અજાણ્યા પુરૂષ(૩૫ થી ૪૦ વર્ષના આશરાના) એ ભેગામળી દિનેશભાઇની કાર ઉભી રખાવી તેમની સાથે બોલાચાલી કરી દિનેશભાઇની નજર ચુકવી કારનો આગળનો ડાબી બાજુનો કાચ તોડી, કપડાના ટીફીન બેગમાં મુકેલ રોકડ રૂપિયા ૯,૯૯,૦૦૦/- સાથેની ટીફીનની થેલી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૩/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** યજ્ઞેશભાઇ પરેશકુમાર કહાર (ઉ.વ.૨૯)(રહે.બેચરદાસ લશ્કરીની ચાલી, નવ દુર્ગા ચોક પાસે, ભાટીયાની પોળ પાસે, રાયખડ) એ બીમારીથી કંટાળી તા.૨૨/૧૨/૨૦૨૨ ના કલાક ૯/૪૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પશ્ચિમ તરફના ભાગે, એલીસબ્રીજ પાસે, સીડી નંબર.૩૮ ઘાટ નંબર ૦૮ વોક-વે ના ભાગે પોતાની જાતે સાબરમતી નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધનવંતભાઈ રત્નાભાઈ ચલાવે છે.

**ચાંદખેડાઃ(૧)** અમિતભાઇ મગનભાઈ રાવત (ઉ.વ.૨૫)(રહે.ગોકુલ સોસાયટી, IOC રોડ ચાંદખેડા)એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ(૨)** ભાવનાબહેન વા/ઓ દીપકભાઇ પાટીલ (ઉ.વ.૨૭)(રહે.સંપર્ક ગેલેક્ષી ઉમાભવાની ફાટક પાસે ચાંદખેડા)એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૨૦૨૨ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** મમતા વા/ઓ અંકિતભાઈ ગેવરીયા(પટેલ)(ઉ.વ.૨૬)(રહે.સુયોગ-૯૯ આર.પી.વસાણી સ્કુલ સામે, નિકોલ-નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૨૦૨૨ રાતના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**અમરાઇવાડીઃ** પ્રવિણકુમાર ગાંડાલાલ કાપડીયા (ઉ.વ.૬૦)(રહે. ભગવતીનગર આંનદનગર પાસે, અશ્વમેઘ સ્કુલ સામે, અંબિકારોડ હાટકેશ્વર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની જાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

**રામોલઃ** નેન્શીબહેન વા/ઓ શિવમભાઇ તિવારી (ઉ.વ.૨૨)(રહે.પુષ્પ હાઇટસ અદાણી સર્કલ પાસે રામોલ ગામ તલાવડી પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૨૧/૧૨/૨૦૨૨ કલાક ૧/30 વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ફ્લેટના ચોથા માળે બારીમાંથી નીચે ઝંપલાવતા શરીરે ઇજાઓ થતા સારવાર અર્થે તેમને વસ્ત્રાલ હેલ્થ વન હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૧૨/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ એ.આર.તડવી ચલાવે છે.

**વટવાઃ** ડિમ્પલ ડો/ઓ દિપકભાઇ દંતાણી (ઉ.વ.૧૪)(રહે.દેવીકૃપા ચાર માળીયા, વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૨ સવારના ૬/૦૦ થી બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે દરવાજાની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશભાઇ આણંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી